#094

Sources & Skills ✨

જીવનમાં ઘણી વખત આપણે જે નથી મળ્યું, જે નથી મળતું અથવા જે નથી— એ વિશે વિચારતા રહીએ છીએ. અને એ વિચારોમાં આપણે પોતાનો સમય, ઊર્જા અને આનંદ બન્ને ગુમાવી દઈએ છીએ.

પણ સાચી બુદ્ધિ એ છે કે —
જે છે, એની કિંમત સમજવી
જે છે, એનો સાચી રીતે ઉપયોગ કરવો
અને જે છે, એમાંથી શ્રેષ્ઠ બનાવવું

એક ખેડૂત પાસે ઓછું પાણી હોય તો પણ તે સમજદારીથી ખેતી કરે તો પાક ઉગાડી શકે. પરંતુ જો તે ફક્ત “પાણી નથી” એ જ વિચારે તો ખેતર સુકાઈ જશે.

એ જ રીતે, આપણા જીવનમાં પણ ઘણા સ્રોતો છે —
સમય છે, કુશળતા છે, તકો છે, સંબંધો છે…
પણ આપણે તેને અવગણીએ છીએ.

“જે છે તેને ઓળખી, સ્વીકારી અને તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરીએ તો — સફળતા આપમેળે આવશે.”

એટલે જ..
❌ ફરિયાદ નહીં
✅ કૃતજ્ઞતા અને પ્રયત્ન કરીએ

કારણ કે સફળ લોકો પાસે બધું નથી હોતું…
પણ તેઓ જે છે એનો પૂરતો ઉપયોગ કરતા હોય છે.